# મીડવેસ્ટવાકો કર્મચારી રાહત ફંડ

**સામાન્ય - વારંવાર પૂછાતા પ્રશ્નો**

પ્રઃ કર્મચારીઓ માટે રાહત ફંડની સ્થાપના શા માટે કરવામાં આવી હતી **?**

જઃ WestRock અને અમારા કર્મચારીઓ વિશ્વભરમાં કુદરતી આફતોના ભોગ બનેલા માટે સહાયતા અને ઉદારતાનો લાંબો ઈતિહાસ ધરાવે છે. તાજેતરના વર્ષોમાં, જ્યાં અમે કામ કરતા હતા તે સમુદાયમાં જ્યારે આફત આવી ત્યારે, કર્મચારીઓએ સીધા જ પોતાના સાથી કર્મચારીઓ માટે દાન આપવાની ઈચ્છા જાહેર કરી હતી. આવી ભાવના હોવાના લીધે જ મીડવેસ્ટવાકો કર્મચારી રાહત ફંડ (WestRock Employee Relief Fund)ની રચના થઈ હતી.

પ્રઃ ફંડ માટે કોની પાસે સહાયની વિનંતી કરી શકાય**?**

જઃ વિશ્વભરમાં WestRock ના કર્મચારીઓને ફંડની સહાય મળી શકે તેવી જોગવાઈ છે. કોઈ પણ WestRock માં કામ કરતો કર્મચારી તે ફૂલ-ટાઈમ હોય કે પાર્ટ-ટાઈમ અથવા જે બધા લાભ લેવા માટે યોગ્ય હોય અથવા તો એકી સાથે જોડાયેલી અનેક કંપનીઓમાં WestRockની બહુમતી હોય ત્યાંનો કર્મચારી ફંડ માટે ગ્રાન્ટ (અનુદાન)ની અરજી કરી શકે છે.

પ્રઃ જો હું અને મારી પત્ની બંને **WestRock** માં કામ કરતા હોય તો શું અમે બંને ગ્રાન્ટ મેળવવા માટે અરજી કરી શકીએ**?**

જઃ ના. એક ઘર માટે ફક્ત એક જ જણ અરજી કરી શકશે.

પ્રઃ કેવા પ્રકારની મુશ્કેલિઓ માટે ફંડની ગ્રાન્ટ આપવામાં આવે છે**?**

જઃ કર્મચારીઓના રાહત ફંડ માટે સામાન્ય જરૂરીયાતો જેમકેઃ રોટી, કપડાં કે મકાન અથવા કુદરતી કે માનવ સર્જિત આફત સમયે આશરો (દા.ત. હરિકેન, ટોર્નેડો, પૂર, આગ, ભૂકંપ અથવા ઘરમાં લાગેલી આગ) જેવી પાયાની જરૂરીયાતો માટે ગ્રાન્ટ આપવામાં આવે છે.

પ્રઃ કેવા પ્રકારની મુશ્કેલિઓ માટે ફંડની ગ્રાન્ટ માટે મંજુરી નથી**?**

જઃ અત્યારે, કર્મચારીઓનું રાહત ફંડ મેડિકલ અથવા દાંત માટેના ખર્ચ, અંતિમ વિધિ સંબંધિત ખર્ચ કે પ્રવાસ અથવા સામાન્ય આર્થિક મુશ્કેલીઓ માટે ગ્રાન્ટ (અનુદાન) આપતું નથી.

પ્રઃ શું મીડવેસ્ટવાકો કોર્પોરેશન અથવા મીડવેસ્ટવાકો ફાઉન્ડેશન કર્મચારી રાહત ફંડનો જ એક ભાગ છે**?**

જઃ મીડવેસ્ટવાકો કર્મચારી રાહત ફંડનો અલગથી કર મુક્તિ જાહેર ધર્માદા તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. તે મીડવેસ્ટવાકો કોર્પોરેશન અથવા તો મીડવેસ્ટવાકો ફાઉન્ડેશનનો ભાગ નથી.

# મીડવેસ્ટવાકો કર્મચારી રાહત ફંડ

## વારંવાર પૂછાતા પ્રશ્નો – ગ્રાન્ટ માટે અરજી કેવી રીતે કરવી

પ્ર: કર્મચારીઓના રાહત ફંડ માંથી ગ્રાન્ટ માટે હું કેવી રીતે અરજી કરી શકું **?**
જ: મીડવેસ્ટવાકો કર્મચારી રાહત ફંડની વેબસાઈટ www.westrockemployeerelieffund.org અને WestRock ઈન્ટ્રાનેટ ઉપર અરજી કરવા માટેના ફોર્મ ઉપલબ્ધ છે. તમે તમારા સ્થાનિક માનવ સંસાધન (હ્યૂમન રીસોર્સીસ) મેનેજર પાસેથી પણ ફોર્મ મેળવી શકો છો.

પ્ર: જો હું અરજી કરૂં તો શું મારી માહિતી ખાનગી રાખવામાં આવશે**?**
જ: જરૂર.

પ્ર: મારે અરજીનું ફોર્મ કોને મોકલવાનું રહેશે **?**
જ: અરજીને તમે મીડવેસ્ટવાકો એમ્પ્લૉય રીલીફ ફંડ, 501 સાઉથ 5 સ્ટ્રીટ, રીચમોડ, વીએ 23219-0501 યુએસએ (WestRock Employee Relief Fund, 504 Thrasher Street, Norcross, GA  30071 USA) ના સરનામે પોસ્ટ કરી શકો છો અથવા તો તમે અમારા ખાનગી ફેક્સ નંબર 00+1-804-386-0789 ઉપર અટેન્શનઃ રીલીફ ફંડ લખીને ફેક્સ પણ કરી શકો છો.

પ્ર: આની પ્રક્રિયા કેટલી લાંબી છે અને હું પ્રત્યુત્તર અથવા ફંડની ક્યારે અપેક્ષા રાખી શકું**?**
જ: એક વખત અરજી મળી ગયા પછી, ફંડ એડમીનીસ્ટ્રેટીવ કમીટી તેની સમીક્ષા અને યોગ્યતાની આકારણી કરે છે. મહેરબાની કરીને તેમને આ પ્રક્રિયા કરવા માટે 3-4 અઠવાડિયાનો સમય આપો.

પ્ર: જો તે મંજુર થાય તો, હું મારી ગ્રાન્ટ ક્યાંથી મેળવી શકું **?**
જ: પૈસાની ચૂકવણી કરવાની ઘણીબધી રીતો છે અને તેને મેળવનાર વ્યક્તિ ક્યા દેશમાં રહે છે તેના ઉપર આધારિત રહે છે. યુનાઈટેડ સ્ટેસ્ટ અને કેનેડામાં રહેનાર લોકોને ગ્રાન્ટની ચૂકવણી ચેકથી કરવામાં આવે છે. સામાન્ય રીતે, અન્ય દેશોના કર્મચારીઓને ગ્રાન્ટની ચૂકવણી ઈલેક્ટ્રૉનિક ફંડ ટ્રાન્સફર અને નિયુક્ત કરેલ બૅન્ક ઍકાઉન્ટમાં ડાયરેક્ટ ડિપોઝિટથી કરવામાં આવે છે. ચેક સિવાય અન્ય પદ્ધતિઓ દ્વારા કરવામાં આવેલ ફંડની ચુકવણી માટેની ગ્રાન્ટ માટે કર્મચારીઓને લેખિતમાં રસીદની ખાતરી કરવા માટે પૂછવામાં આવશે.

પ્ર: કર્મચારીઓને ફંડ રૂપે આપવામાં આવેલ ગ્રાન્ટની રકમને સંઘીય કે રાજ્ય સ્તરે કરપાત્ર આવક તરીકે ગણવામાં આવશે**?**
જ: ગ્રાન્ટ સંચાલિત કરવેરા કાયદા દેશ અને પ્રદેશ દ્વારા બદલાય છે. સામાન્ય રીતે, યુએસ આધારિત કર્મચારીઓને કરવામાં આવેલ ગ્રાન્ટ કરપાત્ર નથી. બધા જ ગ્રાન્ટ મેળવનાઓએ પોતાને મળેલ ફંડની તપાસ કરવા માટે તેમના વ્યક્તિગત કરવેરા સલાહકારો સાથે સંપર્ક કરવો જોઇએ.

# મીડવેસ્ટવાકો કર્મચારી રાહત ફંડ

# મીડવેસ્ટવાકો કર્મચારી રાહત ફંડ

## વારંવાર પૂછાતા પ્રશ્નો – ગ્રાન્ટ માટે અરજી કેવી રીતે કરવી

પ્ર: મંજૂર કરવામાં આવેલ ગ્રાન્ટમાંથી કેટલા પૈસા મળી શકે છે?
જ: 2013માં, ગ્રાન્ટની રકમ વધારીને વધુમાં વધુ 5,000 યુએસ ડૉલર કરવામાં આવી છે. કર્મચારી રાહત ફંડની સ્થાપના 2005માં કરવામાં આવી હતી, અને કર્મચારીઓ માટે ત્યારે ગ્રાન્ટની રકમ 250-2,500 યુએસ ડૉલર સુધીની હતી. 2013ની સાલ પહેલા, સામાન્ય રીતે આશરે 1,000 યુએસ ડૉલરની રકમ ગ્રાન્ટ તરીકે આપવામાં આવતી હતી.

પ્ર: શું એવી કોઈ મર્યાદા છે કે કોઈ પણ એક કર્મચારી (અને તેના અથવા તેણીના કુટુંબી) કેટલી વખત ગ્રાન્ટ મેળવી શકે છે?
જ: અમને એવી આશા છે કે કર્મચારીઓને ક્યારેય પણ ગ્રાન્ટ માટે અરજી કરવાની જરૂર જ નહીં પડે. તેમ છતાં, જો અચાનક હડતાલ થાય તો તે આપત્તિ માટે દરેક કર્મચારી દીઠ એક અરજી ઉપર વિચારણા માટે કર્મચારી રાહત ફંડમાંથી ગ્રાન્ટ માટે આપી શકાય. જો કોઈ બીજા સમયે અન્ય આપત્તિ આવી પડે તો નવી ગ્રાન્ટ મેળવવા માટે અરજી સબમિટ કરી શકાય.

## વારંવાર પૂછાતા પ્રશ્નો –ફંડ માટે ફાળો

પ્ર: કર્મચારી રાહત ફંડ ને કેવી રીતે ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે?
જ: કર્મચારી રાહત ફંડને મોટા ભાગનું ભંડોળ WestRockના કર્મચારીઓ, કંપની અને મીડવેસ્ટવાકો ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવતા ડોનેશનથી મળે છે. આમ તો કર્મચારી રાહત ફંડ વિશ્વસ્તરે કર્મચારીઓની મદદ કરે છે, તેમ છતાં, ઇન્ટરનલ રેવન્યુ સર્વિસને જોઈએ કે વ્યક્તિગત રીતે નોંધપાત્ર ટકાવારી યોગદાન મળતું રહે, તે માટે યુનાઈટેડ સ્ટેટ્સમાં જાહેર ધર્માદા માટે રજીસ્ટર્ડ કરાવેલ છે.

પ્ર: જો હું ચેક દ્વારા ફંડનો ફાળો આપવા માગું તો, મારે ક્યાં તે મોકલવો ?
જ: તમે પોતાનો ચેક નીચે જણાવેલ સરનામા ઉપર મોકલી શકો છોઃ
WestRock Employee Relief Fund
ATTN: Mandy Burnette
504 Thrasher Street
Norcross, GA  30071 USA

પ્ર: શું મારૂં દાન કર કપાતને પાત્ર છે?
જ: યુનાઈટેડ સ્ટેસ્ટ્સ આંતરિક રેવન્યુ સર્વિસે કાયદા પ્રમાણે યુનાઈટેડ સ્ટેસ્ટ્સ ઑફ કર કપાતની મંજુરી પ્રમાણે કર્મચારીઓના રાહત ફંડ કર મુક્તિ જાહેર ધર્માદા તરીકે કર્મચારીનું રાહત ફંડ વર્ગીકૃત કર્યું છે. યુનાઇટેડ સ્ટેટ્સથી બહાર રહેતા કર્મચારીઓએ વિશ્વભરમાં કર કાયદામાં વિવિધતાના કારણે તેમના કરવેરા સલાહકાર સાથે સંપર્ક કરવો જોઇએ.